



## ગુજરાતમાં વડનગરની ધરતી આજે રૂપરંગ સજીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવકારવા થનગની રહી છે...

ગુજરાતમાં વડનગરની ધરતી આજે રૂપરંગ સજીને ધરતીના પુત્રે અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવકારવા માટે થનગની રહી છે અને તેમના માનમાં અનેક વિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં પ્રધાનમંત્રીશ્રીના આગમન પુર્વે આજે વડનગરના શર્મિષ્ઠા તળાવમાં ૧૦૦૮ દીપ પ્રગટાવી મહા આરતીનો કાર્યક્રમ યોજાઇ ગયો. આ એજ તળાવ છે જ્યાં તેમના બાળપણના દિવસો પસાર થયા હતા અને મિત્રો સાથે તળાવમાં ડુબકી મારીને તળાવનો આનંદ માણતા હતા. અત્રે ૧૦૦૮ દિવાની મુખ્ય મહા આરતી, ૧૦૮ દિવાની અસંખ્યા આરતીઓ નગરજનોએ કરી હતી અને તળાવમાં અગણિત દીવડાઓ તરતા મુકવામાં આવ્યા હતા. આજે વડનગરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વડનગરથી વારાણસીની યાત્રાની ઠેરઠેર ચિત્રો દ્વારા દર્શાવી હતી.

## અરવલ્લી જિલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગાંધીનગર જનાદેશ મહાસંમેલન સંદર્ભે ૧૬૫ કિલોમીટરની રેલી યોજાઈ



રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે ત્યારે પાટીદાર આંદોલન સમિતિ, ક્ષત્રિય ઠાકોર સેના અને દલિત એકતા મંચ દ્વારા શક્તિ પ્રદર્શન દ્વારા ગુજરાતમાં કેટલો તેમનો દબદબો અને પ્રભુત્વ સાબિત કરવા માટે એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે. જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ૧૬૫ કિલોમીટર ભવ્ય રેલી યોજાયી હતી. મોડાસા-માલપુરથી ધનસુરાથી મોડાસાથી શામળાજીથી રાજેન્દ્રનગર ચોકડીથી મેઢાસણ શાલમપુર આશ્રમ સુધી ૧૬૫ કિલોમીટરની રેલી યોજી હતી. ક્ષત્રિય ઠાકોર સેના ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.,ના તમામ યુવાનો વડીલો ખુબજ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા. ૯૦૦થી વધુ બાઇકો અને ૧૦ કાર ઠાકોર સેના, ઓ.બી. સી., એસ. સી., એસ.ટી., એકતા મંચ, ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોરનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મોડાસામાં હાર્દિક પટેલનો ભવ્ય રોડ શોઃ પાટીદાર ફાર્મમાં સંકલ્પ સભા

મોડાસા, તા. ૭ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના માર્ગો પર પાટીદાર અનામત આંદોલન





સમિતિના કન્વીનર હાર્દિક પટેલ અને પાસ ટીમના સદશ્યોની ઉપસ્થિતિમાં મેઘા રોડ શો યોજાયો હતો. ત્યાર બાદ સબલપુર કંપા ખાતે આવેલ સરદાર ફાર્મમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલની આગેવાનીમાં સંકલ્પ જાહેરસભા યોજાઈ, સભા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જીલ્લા પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

મોડાસા ખાતે પાસ કન્વીનર હાર્દિક પટેલની સંકલ્પ સભા યોજાઈ જેમાં વરુણ પટેલ, દિનેશ ભામણિયા સહિતના પાટીદાર આગેવાનો હાજર રહ્યા હતા. અરવલ્લીમાં પાટીદાર ઓદોલનને વેગવંતુ બનનાવવા આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી પોલીસને બિરદાવતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે ગુજરાતની પોલીસ અરવલ્લી પોલીસ પાસેથી શીખ લે પાટીદાર સભાની અરવલ્લી પોલીસે મંજૂરી આપી અને જે સહયોગ આપ્યો એ બદલ પ્રશંસા કરી હતી. વધુમાં આગામી ચૂંટણી ભાજપ કોંગ્રેસની નહીં પરંતુ ગુજરાતની છ કરોડ જનતાની સરકાર સામેની ચૂંટણી છે. અલ્પેશ ઠાકોર ની ૯ મી તારીખે ગાંધીનગર ખાતે યોજાનાર જનાદેશ સંમેલન વિશે પૂછતાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે જે પણ અમને સહયોગ આપશે એને અમારો સહયોગ મળશે. હાર્દિક પટેલની સંકલ્પ સભામાં ટૂંકા ભાષણ પછી સભા સ્થળથી મોડાસા નગરથી સાહિયોગ સર્કલ સુધી ભવ્ય રોડ શો યોજાયો હાતો. જિલ્લા પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો સુરક્ષાને ધ્યાને રાખી ખડકી દેવામાં આવ્યો હતો. સભા અને રોડ શો શાંતિથી સમાપન થતા પોલીસતંત્રએ રાહત અનુભવી હતી.

